# ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ આવકમાં 23 ટકા વૃદ્ધિ નોંધાવી

**નવી દિલ્હી** | ભારતની અગ્રણી સંકલિત સપ્લાય ચેઈન અને લોજિસ્ટિક્સ સોલ્યુશન્સ પ્રોવાઈડર ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિ.એ આજે Q2 અને H1/FY'23 માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે જેમાં કંપનીની સ્ટેન્ડઅલો આવકમાં 23 ટકા જ્યારે ચોખ્ખા નફામાં 14.5 ટકાનો વધારો નોંધાવ્યો છે. આવક વધી રૂ.1658 કરોડ, નફો રૂ.134 કરોડ રહ્યો હતો. ઓટોમોબાઈલ અને વપરાશ ક્ષેત્રોમાં વધતી માંગ સાથે મુખ્ય બિઝનેસ ફંડામેન્ટલ્સ પર ફોકસ કરવાથી તમામ બિઝનેસ સેગમેન્ટ્સ સંતોષકારક ડિલિવરી કરવામાં સક્ષમ રહ્યાં હોવાનું કંપનીએ જણાવ્યું હતું.